# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-05-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

### આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીમાં ત્રણ નવા ફોજદારી કાયદાના અમલ અંગે સમીક્ષા બેઠક યોજી.

2) ખાલિસ્તાની આતંકવાદી અર્શ ડલ્લા સાથે સંકળાયેલા કેસની તપાસ માટે N.I.A.ના રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં 10 સ્થળ પર દરોડા.

3) કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ કહ્યું, તેલંગાણામાં આગામી ત્રણ-ચાર વર્ષમાં બે લાખ કરોડ રૂપિયાના ખર્ચે રાજમાર્ગ પરિયોજના શરૂ કરાશે.

4) રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને પહલગામ આતંકી હુમલાની ટીકા કરી.

**5)** IPL ક્રિકેટમાં દિલ્હી કૅપિટલ્સ સામે સનરાઈઝર્સ હૈદરાબાદે ટૉસ જીતી બૉલિંગ પસંદ કરી.

.......................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SHAH CRIMINAL LAW DELHI

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેના અને મુખ્યમંત્રી રેખા ગુપ્તા સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં ત્રણ નવા ફોજદારી કાયદાના અમલ અંગેની સમીક્ષા બેઠક યોજી. બેઠકમાં સંબોધન કરતા શ્રી શાહે કહ્યું, ત્રણ નવા કાયદાના અમલથી પાયાના સ્તરે પોલીસ વિભાગની કાર્યક્ષમતા અને જવાબદારી વધશે. ઉપરાંત તેમણે આ કાયદાઓના અમલને સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓની જવાબદારી નક્કી કરવાના પણ નિર્દેશ આપ્યા.

શ્રી શાહે કહ્યું, 60 અને 90 દિવસમાં આરોપનામું દાખલ કરવાની પ્રક્રિયા પર સતત નજર રાખવી જોઈએ અને આ સમયમર્યાદાનું કડક પાલન થવું જોઈએ. તેમણે કહ્યું, જઘન્ય ગુનાઓના કેસમાં વર્તમાન સજા દર ઓછામાં ઓછો 20 ટકા વધારવાના પ્રયાસ કરવા જોઈએ. ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ, આ બેઠકમાં પોલીસ, જેલ, અદાલત, કાર્યવાહી અને ન્યાયસહાયક સંબંધિત વિવિધ નવી જોગવાઈની અમલવારી અને વર્તમાન સ્થિતિની પણ સમીક્ષા કરવામાં આવી.

. . . . . . . . . . . . . . .

# NIA SEARCH

રાષ્ટ્રીય તપાસ સંસ્થા- N.I.A.એ કેનેડા સ્થિત ખાલિસ્તાની આતંકવાદી અર્શ ડલ્લા સાથે સંકળાયેલા 2024 નીમરાણા હૉટેલના ગોળીબાર કેસની તપાસ માટે રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં 10 સ્થળ પર દરોડા પાડ્યા.

N.I.A.ની તપાસમાં જાણવા મળ્યું કે, ડલ્લાના સહયોગીઓ આતંક અને હિંસાથી પ્રતિબંધિત ખાલિસ્તાની સંગઠનો માટે ભંડોળ એકઠું કરતા હતા. તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી ઇલેક્ટ્રૉનિક ઉપકરણ અને વિવાદાસ્પદ સામગ્રી જપ્ત કરવામાં આવી. દેશમાં સક્રિય આતંકવાદી અને ગેંગસ્ટરને ખતમ કરવા માટે તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . .

# GADKARI TELANGANA

કેન્દ્રીય માર્ગ, પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ આજે તેલંગાણાના સિરપુર કાગજનગર ખાતે ત્રણ હજાર 900 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ માર્ગ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી ગડકરીએ ખેડૂત સમુદાયને સમર્થન આપવા રાજ્યમાં રાષ્ટ્રીય રાજમાર્ગોના કિનારે હજારો અમૃત સરોવર બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી. તેમણે કહ્યું, આગામી ત્રણ-ચાર વર્ષમાં તેલંગાણામાં બે લાખ કરોડ રૂપિયાના ખર્ચે રાજમાર્ગ પરિયોજના શરૂ કરાશે. આ પરિયોજનાઓથી કોઠાગુડેમ અને મુલુગુ જેવા દૂરના જિલ્લાઓથી હૈદરાબાદ સુધી ઝડપી જોડાણ થઈ શકશે.

(BYTE- NITIN GADKARI ON HIGHWAY)

શ્રી ગડકરીએ કહ્યું, ગ્રીન એક્સપ્રેસ રાજમાર્ગના ઇન્દોર-હૈદરાબાદ કોરિડોરનું કામ આગામી વર્ષ માર્ચ મહિના સુધી પૂર્ણ કરાશે.

(BYTE- NITIN GADKARI ON GREEN CORRIDOR)

. . . . . . . . . . . . . . .

# INDIA JAPAN DEFENCE MINISTER

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આજે નવી દિલ્હીમાં જાપાનના તેમના સમકક્ષ જનરલ નાકાતાની સાથે દ્વિપક્ષી બેઠક યોજી. બંને નેતાએ આતંકવાદના તમામ પ્રકારની ટીકા કરી અને ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક તેમજ વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા પણ કરી. તેમણે દ્વિપક્ષી સંબંધને મજબૂત કરવા અને પ્રાદેશિક શાંતિમાં યોગદાનની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. બંને નેતાએ બંને દેશ વચ્ચે સંરક્ષણ અભ્યાસનું સ્વાગત કર્યું. ભારત અને જાપાન વચ્ચે મજબૂત દરિયાઈ સહયોગમાં નવા પરિમાણ જોડવા પર પણ સંમતિ વ્યક્ત કરવામાં આવી.

શ્રી સિંઘે ભારત સામે સરહદ પાર આતંકવાદ માટે પાકિસ્તાનની ટીકા કરતા કહ્યું, આવા હુમલા પ્રાદેશિક શાંતિ અને સલામતીને અસ્થિર બનાવે છે. સંરક્ષણ મંત્રીએ આતંકવાદ અને તેને સમર્થન આપતી કાર્યવાહી સામે એક થવાનું આહ્વાન કર્યું. જાપાનના સંરક્ષણ મંત્રી પહલગામ આતંકવાદી હુમલા પર પોતાની સંવેદના વ્યક્ત કરી અને ભારતને સંપૂર્ણ સમર્થનની ભલામણ કરી.

. . . . . . . . . . . . . . . .

# VICE PRESIDENT KARNATAKA

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું, સતત વિકાસ એ દેશનો માર્ગદર્શક સિદ્ધાંત હોવો જોઈએ. કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લામાં સિર્સીના વાનિકી મહા-વિદ્યાલય ખાતે આજે વિદ્યાર્થીઓને સંબોધતા શ્રી ધનખડે વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ વચ્ચે સંતુલનની જરૂરિયાતનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે અર્થતંત્ર અને ઇકો-સિસ્ટમ વચ્ચે સહજીવી જોડાણનો પણ ઉલ્લેખ કર્યો.

શ્રી ધનખડે ક્ષેત્ર આધારિત શિક્ષણની વાત કહી જંગલોને પૃથ્વીના ફેફસા ગણાવ્યા. તેમજ તેમણે વાતાવરણને અવગણવા સામે ચેતવણી પણ આપી.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# INDIA RUSSIA

રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ફોન પર કરેલી વાતચીતમાં પહલગામ આતંકવાદી હુમલાની ટીકા કરી. શ્રી પુતિને નિર્દોષ લોકોના મોત પર સંવેદના વ્યક્ત કરી અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની વાત કહી.

શ્રી પુતિને કહ્યું, જઘન્ય હુમલાના દોષિત અને તેમના સમર્થકોને સજા થવી જ જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, વાતચીત દરમિયાન બંને નેતાઓએ ભારત અને રશિયા વચ્ચે વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારીને વધારવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

પ્રધાનમંત્રીએ વિજય દિવસની 80મી વર્ષગાંઠ નિમિત્તે રાષ્ટ્રપ્રમુખ પુતિનને શુભેચ્છાઓ પાઠવી અને તેમને આ વર્ષના અંત સુધીમાં ભારતમાં યોજાનારા શિખર સંમેલન માટે આમંત્રણ આપ્યું.

. . . . . . . . . . . . . . .

# PM KV RABIYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પદ્મશ્રી પુરસ્કાર વિજેતા કે.વી. રાબિયાનાં અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, સાક્ષરતામાં પરિવર્તન માટે કે. વી. રાબિયાનાં કામ હંમેશા યાદ રહેશે. તેમની હિમ્મત અને દ્રઢ સંકલ્પ, ખાસ કરીને જે રીતે તેમણે પૉલિઓ સામે લડાઈ લડી તે ઘણી પ્રેરણાદાયી હતી.

. . . . . . . . . . . . . . . .

# PM DEFENCE SECRETARY

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને મુલાકાત કરી. ગઈકાલે વાયુસેનાના પ્રમુખ એરચીફ માર્શલ અમરપ્રીત સિંહે શ્રી મોદી સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રી અને નૌકાદળના પ્રમુખ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી અને સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી વચ્ચે અલગ અલગ બેઠક યોજાઈ હતી. આ બેઠકો પહલગામ આતંકવાદી હુમલાને ધ્યાને રાખી યોજાઈ છે.

. . . . . . . . . . . . . . .

# CYBER ATTACK

પાકિસ્તાની હેકર્સે ભારતીય સંરક્ષણ વેબસાઈટને નિશાન બનાવ્યું છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા મુજબ, પાકિસ્તાન સાયબર દળ સમૂહ કથિત રીતે ભારતીય સૈન્ય ઇજનેર સેવા અને મનોહર પર્રિકર સંરક્ષણ અભ્યાસ અને વિશ્લેષણ સંસ્થાથી સંવેદનશીલ ડેટા સુધી પહોંચી ગયું છે. આનાથી એ જાણવા મળે છે કે, હેકરોએ લૉગ-ઇન ક્રેડેન્શિઅલ સહિત સંરક્ષણ કર્મચારીઓ સંબંધિત વ્યક્તિગત માહિતી પણ મેળવી લીધી છે.

આ ઉપરાંત સમૂહે આર્મ્ડ વ્હીકલ નિગમ લિમિટેડની સત્તાવાર વેબસાઈટને પણ ખરાબ કરવાનો પ્રયાસ કર્યો. દરમિયાન સાવચેતીના ભાગરૂપે આર્મ્ડ વ્હીકલ નિગમ લિમિટેડની વેબસાઈટને ઑફલાઈન કરવામાં આવી છે. સાયબર સુરક્ષા નિષ્ણાતો અને સંસ્થાઓ કોઈ પણ સાયબર હુમલાની માહિતી મેળવવા માટે સાયબર સ્પેસ પર સક્રિય રીતે નજર રાખી રહ્યા છે.

................

# SITHARAMAN ADB

કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે આજે ઈટાલીના મિલાનમાં 58મી ADB વાર્ષિક બેઠકમાં એશિયન વિકાસ બૅન્કના અધ્યક્ષ માસાતો કાન્ડા સાથે મુલાકાત કરી. નાણામંત્રીએ કહ્યું, ભારત ખાનગી ક્ષેત્રના નેતૃત્વ ધરાવતી આર્થિક વૃદ્ધિ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તેમજ વેપારમાં સરળતા માટે સાહસિક પહેલના માધ્યમથી સતત અનુકૂળ નીતિ અને નિયમનકારી ઇકો-સિસ્ટમ બની રહી છે. આમાં નાદારી અને નાદારી કોડ, કૉર્પોરેટર વેરા દરમાં ઘટાડો, GSTનો અમલ, ઉત્પાદનથી સંકળાયેલા પ્રોત્સાહન, ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન અને સ્ટાર્ટ-અપ ઇન્ડિયા યોજના સામેલ છે.

સુશ્રી સીતારમણે કહ્યું, ભારત ADBને નવા અને નવા ધિરાણ ઉત્પાદનોને શરૂ કરવાની તક પૂરી પાડે છે. ADB અધ્યક્ષે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારત 2047ના દ્રષ્ટિકોણ માટે ભારતની વિકાસ પ્રાથમિકતાઓને સંપૂર્ણ સમર્થન આપવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી

. . . . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટમાં આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મૅચ રમાઈ રહી છે. હૈદરાબાદના રાજીવ ગાંધી આંતર-રાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાતી મૅચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે.

. . . . . . . . . . . . . . . .